# વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા આપવામાં આવેલ 'રાઈ'ની નવી જાત 'જી. એમ. ૮' ના પ્રથમ હરોળના નિદર્શન સ્થળે ક્ષેત્રીય દિવસ

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના "એ. આઇ. સી. આર. પી. ઓન સીડ (ક્રોપ્સ)" અંતર્ગત વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા 'રાઈ' પકવતા પ્રગતિશીલ ખેડૂતોને 'રાઈ'ની નવી જાત 'જી. એમ. ૮ (આણંદ હેમા)' ના પ્રથમ હરોળના નિદર્શન આપવામાં આવેલ. જે પૈકી, પેટલાદ તાલુકાના ડેમોલ, ચૌહાણપુરા, અને ધુન્ટેલી **ગામના ખેડૂતોના ખેતરોની મુલાકાત અને નિદર્શન સ્થળે** ક્ષેત્રીય દિવસનું **આયોજન, નોડલ અધિકારીશ્રી (સીડ), ડો. એ. એસ. ભાણવડીયાના માર્ગદર્શન મુજબ**, આણંદ કૃષિ યુનિવર્સિટીના રાઈ પાકના વૈજ્ઞાનિકશ્રી ડો. હિતિક્ષાબેન પરમારે તેમજ વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના ફાર્મ મેનેજરશ્રી પ્રો. વિજયભાઈ પટેલે તા. ૩૧, જાન્યુઆરીના રોજ કરવામાં આવેલ.

૧. પટેલ મહેશભાઈ, **ડેમોલ**, તા. પેટલાદના ખેતર પર '૨૮' પ્રગતિશીલ ખેડૂતોએ આ **ક્ષેત્રીય દિવસનો લાભ લીધેલ.**

૨. **ઠાકોર શાંતાબેન, ચૌહાણપુરા**, તા. પેટલાદના ખેતર પર '૨૫' પ્રગતિશીલ ખેડૂતોએ આ **ક્ષેત્રીય દિવસનો લાભ લીધેલ.**

૩. **સોલંકી ગોવિંદભાઈ, ધુન્ટેલી**, તા. પેટલાદના ખેતર પર '૧૧' પ્રગતિશીલ ખેડૂતોએ આ **ક્ષેત્રીય દિવસનો લાભ લીધેલ.**

ખેડૂતોને રાઈની આ નવી જાત જી. એમ. ૮ (આણંદ હેમા), વહેલી પાકતી હોવાથી, પિયતની ઓછી જરૂરિયાતવાળી અને મોલોમશી તથા ભુકીછારાના રોગનો ઓછો ઉપદ્રવ ધરાવતી જણાયેલ છે. ખેડૂતોએ જાત વિષે સંતોષ વ્યક્ત કરી, હવે પછીની કાપણી, સુકવણી તેમજ સંગ્રહ અંગે જરૂરી માર્ગદર્શન મેળવેલ હતું.

પટેલ મહેશભાઈ, ડેમોલ, તા. પેટલાદ તા. ૩૧.૧.૨૦૨૫



ઠાકોર શાંતાબેન, ચૌહાણપુરા, તા. પેટલાદ, તા. ૩૧.૧.૨૦૨૫



## સોલંકી ગોવિંદભાઈ, ઘુન્ટેલી, તા. પેટલાદ, તા. ૩૧.૧.૨૦૨૫



*********